આદર્શ નિવાસી શાળા, રાજુલા અને સરકારી કુમાર છાત્રાલય, રાજુલાના બિલ્ડીંગનું રીનોવેશન કરવા બાબત.
રૂ.૩૨.૫ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃઅનશ/૧૧૨૦૨૦/૪૨૮૦૬/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૩/૧૨/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧)નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૨/૧૨/૨૦૨૦નો પત્રક્રમાંકઃવિજાક/સ.છા./આનિશા/મરામત/૨૦૨૦-૨૧/૧૭૦૭

**આમુખઃ-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય અને તેઓ ઉચ્ચ શિક્ષણના કેન્દ્રો ખાતે રહી અભ્યાસ કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. જે અન્વયે અમરેલી ખાતે આદર્શ નિવાસી શાળા, રાજુલા અને સરકારી કુમાર છાત્રાલય રાજુલા ખાતે કાર્યરત છે. નિયામકશ્રી(વિ.જા.ક.)એ વંચાણે લીધેલા ક્રમાંક(૧)ના પત્રથી આદર્શ નિવાસી શાળા હોસ્ટેલ બિલ્ડીંગ, રાજુલા અને સરકારી કુમાર છાત્રાલય,(વિ.જા.) રાજુલાના બિલ્ડીંગનું રીનોવેશન કરવા માટે અનુક્રમે રૂ.૨૬,૫૭,૩૦૦/- (અંકે રૂપિયા છવીસ લાખ સત્તાવન હજાર ત્રણસો પુરા) તથા રૂ. ૫,૯૮,૮૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ અઠ્ઠાણું હજાર આઠસો પુરા) એમ કુલ રૂ.૩૨,૫૬,૧૦૦/- (અંકે રૂપિયા બત્રીસ લાખ છપ્પન હજાર એકસો પુરા) ફાળવવા માટે દરખાસ્ત કરેલ હતી. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા હોસ્ટેલ બિલ્ડીંગ, રાજુલા અને સરકારી કુમાર છાત્રાલય,(વિ.જા.) રાજુલાના બિલ્ડીંગનું રીનોવેશન કરવા માટે અનુક્રમે રૂ.૨૬,૫૭,૩૦૦/- (અંકે રૂપિયા છવીસ લાખ સત્તાવન હજાર ત્રણસો પુરા) તથા રૂ. ૫,૯૮,૮૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ અઠ્ઠાણું હજાર આઠસો પુરા) એમ કુલ રૂ.૩૨,૫૬,૧૦૦/- (અંકે રૂપિયા બત્રીસ લાખ છપ્પન હજાર એકસો પુરા)ની નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧)નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨)આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩)આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫)આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. આ જ સદર હેઠળ ખર્ચ કરવાનો રહેશે. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માર્ગ અને મકાન વિભાગના માંગણી નં-૮૪, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૪૨ મકાનો, હેતુ સદર- ૫૩૦૦ મોટા કામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી જ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૪/૧૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ.કે.પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમરેલી

(૧૨) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૩) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૪) સિલેક્ટ ફાઇલ